## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

ઠોકરની સાથે નામ તુજ લેવાય છે ઇશ્વર;
તું કેવો અકસ્માતથી સર્જાય છે ઇશ્વર.
હેઠા મુકાશે હાથ ને ભેગા થશે પછી જ,
કોશિશ જ્યાં પતે ત્યાં જ શરૂ થાય છે ઇશ્વર.
રહેવાને આવ્યો જ્યારથી હું એના ઘર નજીક;
રસ્તામાં ઘણી વાર મળી જાય છે ઇશ્વર.

— સૌમ્ય જોશી.

### પાથેય

- રમેશ ઠક્કર

## ઈશ્વરનું ઘર...

"શૂન્ય " પાલનપુરી નામના કવિ ઈશ્વર વિશે સરસ કલ્પના કરે છે..એ કહે છે કે ઈશ્વર તરીકે જેને જગત ઓળખી રહયું છે એ "શૂન્ય"ની પહેચાન હતી કોણ માનશે ? માણસે અનેક શોધો કરી છે..અવનવા પ્રદેશો ખોળી કાઢયા છે..બીજા ગ્રહો ઉપર જઈ આવવાનાં સાહસ પણ એ કરી રહયો છે..આમ છતાં જો માણસની શ્રેષ્ઠ શોધ તરીકે જો નામ આપવું હોય તો અચૂકપણે કહી શકાય કે એ શોધ એટલે ઈશ્વર !..એનાં નામ અલગ હોઈ શકે..એની કલ્પના અલગઅલગ હોય શકે પણ માણસને એની હયાતી હરપળ થતી રહે છે..માત્ર ભગવાનના ભરોંસે જ ચાલતા હોય એવા માણસો અને એવી ઘટનાઓ અગણિત છે...ઈશ્વર આમ જોઈએ તો સર્વસામાન્ય રીતે સ્વીકૃત બાબત છે..કેટલાક લોકો એના અસ્તિત્વ સામે સવાલો ઉઠાવે છે..એ એક પોકળ કલ્પના હોવાનો દાવો કરતા રહે છે..એવા લોકો પણ જગત કોઈ અજાણી શકિત દ્વારા ચાલી રહ્યું છે એ વાતનો વિરોધ નથી કરતા..આમ જોઈએ તો આસ્તિકતા અને નાસ્તિકતા વચ્ચેનો સંચાર પણ ઈશ્વર જ છે...

કેટલાક લોકોના મતે માણસની જે ભયગ્રંથી છે એમાંથી ઈશ્વરની કલ્પના આવી છે..માણસ દુઃખ કે આપત્તિના સમયે પોતાને અસહાય સમજતો હોય છે..મરણ એ પ્રાણીમાત્ર માટે આખરી ચરણ હોવા છતાં દરેક માણસ એના ભયથી ફફડે છે...એની આ અસહાયતા જ એને કોઈ અદીમ તત્વની પરિકલ્પના તરફ દોરી જાય છે.જયાં સુધી એને સુખની અનુભૂતિ થતી રહે છે ત્યાં સુધી એને ભગવાન યાદ આવતો નથી..પરંતુ જગતમાં જે સુખ છે એનું સહોદર દુઃખ પણ છે અને એટલે જ જયાં ઠોકર વાગે એટલે તરત જ એને હરિ નામ યાદ આવતું હોય છે..આ પણ કેવો અકસ્માત ગણી શકાય ?

જન્મથી લઈને મરણ સુધી માણસ એને શોધતો રહે છે..એના માટે ઘરબાર છોડીને વૈભવ ત્યજીને કે એકલા નિકળી પડીને તલાશ આદરનારા અનેક લોકો જગતમાં થયા છે..ઈશ્વર એટલે આમ તો સત્ય.કોઈક અફર તત્વ..ગેબી કોઈ શકિત..આપણી આસપાસ અને આપણી ભીતર એવી અસંખ્ય ઘટનાઓ ઘટતી રહે છે જે જગતના માપદંડ કે બુધ્ધિથી માપી શકાતી નથી..ઈશ્વરની ખોજ એ ઘણીવાર દેખીતા ઉપાયો બંધ થયા પછી જ સાચી રીતે શરૂ થતી હોય છે...


આસ્થાવાન લોકો કહે છે કે એ કણકણમાં સમાયેલો છે..જીવ માત્ર એ શિવ થકી નિપજેલો છે..આપણી દ્રષ્ટિ દૂરનું જોવા ટેવાયેલી હોય છે .માણસ દૂર દૂર યાત્રા કરીને કે રઝળપાટ કરીને એના માટે ભ્રમણ કરતો રહે છે..સાચું કહીએ તો એ એક મિથ્યા દોડ હોય છે..ઈશ્વરનું ઘર એ માણસનું દિલ છે. આપણું હૃદય સતત ધબકતું રહીને આપણને એની હયાતીનો એહસાસ કરાવતું રહે છે..પોતાના દિલની વાત અવગણી આપણે મનના ઉધામાઓ થકી એને શોધવાનો ઉપક્રમ કરતા રહીએ છીએ .ઈશ્વરના ઘરની નજીક એટલે કે આપણા હૃદયની નજીક જો આપણો નિવાસ હોય તો આપોઆપ એ આપણો પાડોશી બની જતો હોય છે..તુલસીદાસ જેવા સંત કહે છે કે દરેક માણસને પ્રેમપૂર્વક આવકારતા રહો..ના જાણે કયા વેશમાં આપણને ઈશ્વર મળી જાય !જેના હૃદયમાં કરૂણા છે..સ્નેહ છે..નમ્રતા છે..એવા લોકોને એ ઉભા રસ્તે અનાયાસ મળી જતો હોય છે...આપણી ધીરજ હોવી જોઈએ.

# રાષ્ટ્રપતિ પદ માટે લાયક ઉમેદવાર

### તંત્રીસ્થાનેથી...

વિસરાઈ ગયેલા ભાજપના વરિષ્ઠ નેતાઓમાં યશવંત સિંહાનો ઉલ્લેખ પણ થતો હતો તે વાત નવી પેઢીના નાગરિકો ભાગ્યે જ જાણતા હશે. યશવંત સિન્હા સનદી સેવાઓમાંથી નિવૃત્ત થયા પછીજાહેર જીવનમાં સક્રિય થયા ત્યારે પૂર્વ વડાપ્રધાન ચંદ્રશેખરના વિશ્વાસુ સાથી અને સલાહકાર હતા. ચંદ્રશેખરની સરકારમાં તેઓએ નાણામંત્રી તરીકે સેવા આપ્યા પછી અટલ બિહારી વાજપેયીની સરકારમાં પણ નાણામંત્રી અને તે પછી વિદેશમંત્રી પદ સંભાળ્યું હતું. કોઈ પણ સરકાર આવશે તો આ માણસ મંત્રીપદ મેળી લેશે અને એક દિવસ એ વડોપ્રધાન બની જાય તો પણ મને નવાઈ નહીં લાગે - એવું નિવેદન ખુદ એમના રાજકીય બોસ ચંદ્રશેખરે મજાક મજાકમાં આપેલું. નરેન્દ્ર મોદીને વડાપ્રધાનપદના ઉમેદવાર બનાવાયા ત્યારે પાર્ટી વર્તુળોમાં એમણે એ મુદ્દે વિરોધ નોંધાવેલો. એમને લોકસભાની ચૂંટણી લડવા માટે ટિકિટ નકારાઈ હતી અને વરિષ્ઠ સલાહકાર મંડળીમાં ધકેલી દેવાયા હતા. વિકલ્પે એમના પુત્ર જયંત સિન્હાને ટિકિક અપાઈ હતી અને રાજયકક્ષાના મંત્રી પણ બનાવાયા હતા. કાળક્રમે તેઓ ભાજપ છોડીને છેલ્લે તૃણમૂલના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બની ગયા અને હવે રાષ્ટ્રપતિ પદના વિપક્ષી ઉમેદવાર તરીકે મેદાન-એ-જંગમાં ઊતર્યા છે. એમને ચોર્યાશી વર્ષ થયાં છે. પરંતુ એમનો લડાયક મિજાજ અને જુસ્સો અકબંધઝ છે. વિપક્ષે એમનાં પહેલાં શરદ પવાર, ડૉ. ફારુક અબ્દુલ્લા અને ગોપાલકૃષ્ણ ગાંધીનાં નામ વિચારેલાં પરંતુ એ પૈકી કોઈએ હારેલી બાજી રમવાની તૈયારી ન દર્શાવી ત્યારે છેલ્લે એ બીડું વયોવૃદ્ધ લડાયક નેતાએ ઝડપ્યું છે. તેઓ બંધારણના અભ્યાસી છે અને કેન્દ્રીય મંત્રી તરીકે યશસ્વી કામગીરી બજાવી ચૂકેલા છે. બિનસાંપ્રદાયિકતાના સિદ્ધાંતને વરેલા હોવા છતાં એમના વહીવટી અનુભવનો લાભ મેળવવા અટલ બિહારી વાજપેયીએ એમને નાણાંમંત્રી અને પાછળથી વિદેશ મંત્રી જેવી અગત્યની જવાબદારી સોંપી હતી જે એમણે અણિશુદ્ધ વહીવટપૂર્વક યશસ્ રીતે નિભાવી હતી. ઓ બોલકા સ્પષ્ટવક્તા નેતા મૂળે અખંડ બિહારના વતની છે. ઝારખંડ અલગ પડતાં તેઓ હજારીબાગ સંસદીય ક્ષેત્રનાં પ્રતિનિધિ તરીકે ચૂંટાયા રહ્યા હતા. વર્તમાન રાજકીય સમીકરણો એમની નિશ્ચિત હાર દર્શાવતાં હોવા છતાં આ જૈફ નેતાએ 'બંધારણ બચાવવા' માટે આ ચૂંટણી લડી લેવાનો નિર્ણય કર્યો છે. પોતે ચૂંટાઈ આવશે તો સત્તાધારીઓના લોકતંત્ર વિરોધી અભિગમ પર અંકશ રાખી શકાશે અને કેન્દ્રીય એજન્સીઓના બેફામ દુરુપયોગ પર પણ બ્રેક લગાવી શકશે - એવા મુદ્દાઓ સાથે તેઓ પ્રચારના શ્રીગણેશ કરી રહ્યા છે. એનડીએનાં ઉમેદવાર દ્રૌપદી મુર્મુની સરખામણીએ યશવંત સિન્હા કયાંક ઊંચા અને કદાવર રાષ્ટ્રીય નેતા છે. દ્રૌપદી માટે તો આ કીડીના મોઢામાં કાલિંગડું આવી પડે એવો ચમત્કાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આગામી લોકસભાની ચૂંટણીમાં આદિવાસી અને મહિલા મતદારોને રીઝવવા માટે એક સાવ ઓછાં જાણીતાં અને ડાઉન ટુ અર્થ આદિવાસી મહિલા પર પસંદગી ઉતારી છે. બધા સમજે છે કે દ્રૌપદી મુર્મુ રાષ્ટ્રભતિ ભવનમાં બીજા કોવિંદ જ બની રહેશે. રબર સ્ટેમ્પ રાષ્ટ્રપતિ બનીને મોદી સરકાર માટે તમામ પ્રકારની સરળતા ઉપલબ્ધ કરાવવામાં એમને રાષ્ટ્રપતિ પદની ઈતિશ્રી વરતશે. સામે યશવંત સિન્હા છે, જેમની ચૂંટાવાની શક્યતાઓ નહીંવત જ છે છતાં એમની લાયકાત વિશે ભારતના સામાન્ય નાગરિકથી લઈને વિશ્વના બૌદ્ધિકો બહુ જ ઊંચો અભિપ્રાય ધરાવે છે. યશવંત સિંહા સમજે છે કે પોતે હારેલી લડાઈ લડવા મેદાનમાં ઊતરી રહ્યા છે પરંતુ એથી એ શરદ પવાર, ફારુક અબ્દુલ્લા કે ગોપાલકૃષ્ણ ગાંધીની જેમ પારોઠનાં પગલાં ભરવાને બદલે સામે ચાલીને પડકાર ઉપાડી લેવા તૈયાર થયા છે. પોતે તમામ મતદાતાઓને મળવા કૃતસંકલ્પ છે. ખુદ ભાજપના કેટલાક બળવાખોરો એમનું સમર્થન કરે તેવી શક્યતા નકારી શકાતી નથી. પરંતુ યુપીએનો ખેલ મહારાષ્ટ્રના શિંદે પ્રકરણ પછી સાવ બગડી ગયો છે. એથી યશવંત સિન્હાને મહારાષ્ટ્ર જેવા રાજયમાં મળવા જોઈતા હતા એટલા મત નહીં મળી શકે તે નક્કી છે. ઓછામાં પૂરું બિહારના જદ-યુ અને ઓડિશાની શાસક પાર્ટી બીજેડી તથા આંધ્રના મુખ્યમંત્રીએ દ્રૌપદી મુર્મુને સમર્થન આપવાની જાહેરાત કરી દીધી છે. વતનના રાજય ઝારખંડના આદિવાસી મુખ્યમંત્રી અને શાસક પક્ષ ઝારખંડ મુક્તિ મોરચા માટે પણ આદિવાસી મહિલા ઉમેદવાર સામે સવર્ણ યશવંત સિન્હાના સમર્થનમાં બહાર આવવું મુશ્કેલ બની ગયું છે. અલબત્ત, સિન્હા રાષ્ટ્રપતિ પદ માટે વધુ યોગ્ય ઉમેદવાર છે એટલું તો એમને મત નહીં આપી શકનારા સાંસદો અને ધારાસભ્યો સમજે છે.

# ચીરાયેલા હોઠ અને તાળવું (કલેફ્ટ લિપ અને પેલેટ) : જન્મજાત સમસ્યા : કારણો, લક્ષણો અને સારવાર



દંત-ચિકિત્સા

ડો. બિંદી મિહીર પંડ્યા

મિત્રો, આપણે અત્યાર સુધી દાંત, પેઢા, જડબા ને લગતા વિભિન્ન સમસ્યાઓ, તેમનું નિરાકરણ વગેરે અંગે માહિતી મેળવી છે.

આજે આપણે મોઢા તથા જડબામાં થતી આનુષંગિક (જન્મજાત) ખોડખાંપણો વિશે થોડી જાણકારી મેળવીએ. નામ મુજબ જ આ સમસ્યાઓ બાળકનાં જન્મ સમયથી જ જોવા મળે છે. આવી જ એક સમસ્યા એટલે કલેફ્ટ લિપ એન્ડ પેલેટ. નામ મુજબ જ આ સમસ્યામાં બાળકનાં હોઠ અને તાળવા ચીરાયેલા હોય છે. કલેફ્ટ લિપ એન્ડ પેલેટ મોઢામાં જોવા મળતી જન્મજાત સમસ્યાઓમાં સૌથી મોખરાની છે. કલેફ્ટનો દર ભારતમાં પ્રત્યેક ૭૮૧ જન્મદરે ૧ નો છે.

● કલેફ્ટનાં પ્રકાર

- કલેફ્ટ લિપ (આઈસોલેટડ (CL)
- કલેફ્ટ પેલેટ (આઈસોલેટેડ) (CP)
- કલેફ્ટ લિપ એન્ડ પેલેટ (CLP)

ઉપર વર્ણવ્યા એ પ્રકારોમાં પણ 'યુનિલેટરસ' (એક તરફ) કે 'બાઈલેટરલ' (હોઠની બંને તરફ ચોરાયેલો ભાગ) હોય તેવું બની શકે છે.

ઘણી વખત કલેફ્ટ પેલેટ - 'સબમ્યુકોસલ' એટલે કે તાળવાની ચામડીમાં દેખાય નહીં પરંતુ હાડકામાં હોય છે.

● કલેફ્ટ લિપ એન્ડ પેલેટનાં કારણો :

આ સમસ્યામં બાળકનાં ગર્ભવિકાસ દરમિયાન કેટલીક જનીનીક અને અન્ય સમસ્યાઓનાં લીધે મોઢા તથા હોઠની ચામડી બરાબર રીતે જોડાઈ શકતા નથી. જે સામાન્ય રીતે ગર્ભાવસ્થાનાં ૨-૩ મહિના દરમિયાન જોવા મળે છે. આ ફયુઝન (જોડાણ) એક સરખી રીતે ન થવાનાં લીધે ચોરાયેલો ભાગ (કલેફ્ટ) નિર્માણ પામે છે.

અનેક અભ્યાસ મુજબ જનીનીક અને પર્યાવરણીય ફેરફારો આ આ માટે જવાબદાર છે.

● જવાબદાર પરિબળો :

પારિવારિક કારણો : આ પ્રકારની સમસ્યા પરિવારમાં કોઈ એક અથવા વધુ લોકોમાં પહેલેથી હોઈ શકે છે. જેના કારણે બાળકમાં આ સમસ્યા હોવાની ફ્રીકન્વન્સી વધી જાય છે.

● અન્ય કારણો જો બાળકનાં માતા (કે પિતા) ને સ્મોકીંગ ની અથવા દારૂ પીવાની કે અમુક પ્રકારની દવાઓ / કેમિકલ આ માટે જવાબદાર નીવડી શકે છે. ઈન્ફેકશન કે કેટલીક પ્રકારની બીમારીઓ પણ આમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ સિવાય ગર્ભાવસ્થા દરમિયાન પૂરતા પોષણનો અભાવ, ફોલિક એસિડ જેવા અત્યંત મહત્ત્વનાં પોષકતત્ત્વોની ઊણપ પણ આ સમસ્યા નોતરી શકે છે.

આ સમસ્યા ફક્ત ચહેરાનો દેખાવ ને નુકશાનકારક ન રહેતા વિવિધ અન્ય સમસ્યાઓ જેવી કે બોલવામાં કે સાંભળવામાં તકલીફ, ભોજન ચાવવામાં તથા તેનાથી બાળકને આગળ જતા માનસિક સમસ્યાઓ પણ ઉદ્ભવી શકે છે. લઘુતાગ્રંથિ અને ડીપ્રશનમાં પણ પરિણમી શકે છે.

● કલેફ્ટ લિપ એન્ડ પેલેટ

CLP એ પુરુષોમાં વધુ જયારે આઈસોલેટેડ CP મહિલાઓમાં વધુ પ્રમાણમાં જોવા મળે છે.

લગભગ ૯૦ % કલેફ્ટ યુનિલેટરસ (એક જ તરફનાં) જોવા મળે છે.

લગભગ ૩૦% CLP કેસ અન્ય આનુષાંગિક સમસ્યા સાથે સંકળાયેલા જોવા મળતા હોય છે.

- કલેફ્ટ લિપ અને પેલેટમાં જોવા મળતી લાક્ષણિકતાઓ

(૧) ભોજન ચાવવામાં / ગળવામાં તકલીફ

કલેફ્ટનાં લીધે ખોરાક / દૂધ મોઢા તરફથી નાકમાં જઈ શકે છે. બાળક માતાનું દૂધ પણ ઘણી વખત લઈ શકતું નથી, જે અપૂરતા પોષણમાં પરિણમે છે.

(૨) બોલવામાં તકલીફ

આ પ્રકારનાં બાળકોમાં બોલવાની તકલીફો પણ જોવા મળે છે. જે નાસલ સાઉન્ડ (નાકમાંથી નીકળતો અવાજ અથવા અસ્પષ્ટ શબ્દો હોઈ શકે છે.

અનુસંધાન પાના નં. ૭ પર

### દિન મહિમા

● માઈકલ જેક્શનની પુણ્યતિથિ, વિશ્વવિખ્યાત પોપ ગાયક અને નૃત્યક.

● પ્રિયકાંત મણિયારની પુણ્યતિથિ, ગુજરાતી સાહિત્યિક.

આજનું

### ઔષધ

● સરગવાના પાનનો રસ પીવાથી હેડકી મટે છે.

### ખડખડાટ

● જયોતિષ : તમારી હસ્તરેખા કહે છે કે તમારા ઘર નીચે ખૂબ ધન છે.


છગન : સાવ સાચું, મારા ફ્લેટ નીચે જ યશ બેંક છે.

આજનું

### વોટ્સએપ

● લખેલા શબ્દોની કિંમત કેટલી ?? વાંચનારની સમજણ જેટલી!!

# આપણી ભાષાને અસ્મિતા તથા વૈભવ આપનાર કવિ કલાપી



ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

જુનની નવમી તારીખે(૧૯૦૦) આ ફાની દુનિયાને માત્ર છવ્વીસ વર્ષની ઉમ્મરે અલવિદા કહેનાર કવિ કલાપી સામાન્ય જનોના ભાવજગતમાંથી કદી વિદાય થવાના નથી. તેઓ તેમના સર્જનો થકી અમરત્વને વરેલા છે. કવિની વિશેષ સ્મૃતિ જૂન માસમાં અનેક લોકોને થાય છે. કવિ કલાપીની સ્મૃતિ તથા ઈતિહાસની ઝાંખી કરાવતું સ્મારક લાઠીમાં ઉભેલું છે. પરંતુ કવિના કાવ્ય લહરીઓ સતત વહેતી તેમજ ઝીલાતી રહે છે. કલાપીની અનેક કાવ્ય રચનાઓની પંક્તિઓ અવારનવાર જુદા જુદા લોકોના મોઢે સાંભળવા મળે છે. આ કવિ અભેરાઈએ ચડેલા નથી. પરંતુ સતત જીવંત તેમજ ધબકતા છે. છઁદોબધ્ધ કાવ્યો તેમજ ગઝલોમાં તેમનો જોટો મળવો મુશ્કેલ છે. બાલાશંકરની ગઝલ પરંપરાને તેઓએ નૂતન સૌરભ સાથે વિકસાવીને વહેતી કરી છે. કલાપી યુવાનોના કવિ તરીકે પ્રસ્થાપિત થયા તેમાં તેમની ઉત્તમ ગઝલો વિશેષ કારણભૂત બની છે. અર્વાચીન યુગમાં પ્રતિષ્ઠિત થયેલું ગઝલ વિશ્વ કવિ કલાપીની કલમ થકી વિશેષ પલ્લવિત તેમજ શુશોભિત થયું છે. રાજવી હોવા છતાં ફકીરી હાલ અનુભવનારા આ કવિ માત્ર રાજવીઓમાં જ નહિ પરંતુ કવિઓમાં પણ વિશિષ્ટ છે. હું પણું આ કવિથી જોજનો દૂર છે.

હતો જે હું હતું જે હું
નથી તે તો નથી હું હું
ગયું છૂટી, ગયું ઉડી:
ફકીરી હાલ મારો છે.

કવિ કલાપીનું પૂરું નામ સુરસિંહજી તખતસિંહજી ગોહિલ છે. સોમનાથની સખાતે જતા પોતાના પ્રાણનું વીરતાપૂર્વક બલિદાન આપનારા હમીરજી ગોહિલ પણ કવિના કુળના જ એક સુખ્યાત વીર છે. કલાપીએ તેમને પણ પોતાના કાવ્યોની ફૂલમાળમાં ગૂંથી લીધા છે. આમ ગણો તો સૌરાષ્ટ એ અનેક નાના કે મોટા દેશી રાજવીઓના રાજ્યોનો સમૂહ હતો. દરેક રાજવી કે રજવાડાને પોતાનો આગવો ઈતિહાસ છે. સારી તથા નબળી એમ બંને બાબતો આ નાના-મોટા રાજવીઓમાં જોવા મળે છે. પ્રજાનું દમન કરવામાં કેટલાક રાજવીઓ ક્યારેક બ્રિટિશ શાસનને સહયોગી થયા છે. પરંતુ આવા કિસ્સાઓને બાદ કરતા આ રાજવીઓએ પ્રજા માટે પિતા સમાન સ્નેહ રાખીને તેમની માવજત કરી છે. કલાપી પણ સૌરાષ્ટ્રના એક આવા સંસ્થાન લાઠીના રાજવી હતા. રાજવીઓને મળતી તમામ સવલતો તેમને સહેજે ઉપલબ્ધ હતી. આમ છતાં તેમનો વૈરાગી જીવ કદી કહેવાતી દુનિયાદારીમાં કે રાજ્યની ખટપટોમાં સ્થિર થયો ન હતો. તેઓ લખે છે:

"મારું હૃદય પ્રેમી છે....હું કાવ્ય લખું કે ટાયલા લખું પણ તેનાથી મારા હૈયાના ઉમળકાઓ બહાર આવે છે. કાવ્ય લખવાની મારી ઈચ્છા તૃપ્ત થાય તો બસ છે...કાવ્યના મારા માર્ગ રસમય બને તે જ મારી ઈચ્છા તથા વાંછના છે."

રાજકોટની ઐતિહાસિક રાજકુમાર કોલેજે અનેક રાજકુમારોનું ઘડતર કર્યું છે. પશ્ચિમી કેળવણીના પણ સુયોગ્ય સહવાસે રાજવીઓને વિશાળ દ્રષ્ટિ પ્રાપ્ત થઈ છે. કલાપીના વ્યક્તિત્વના ઘડતરમાં પણ રાજકુમાર કોલેજનો મહત્વનો ફાળો રહ્યો છે. ૧૮૮૨થી ૧૮૯૦ના સમયકાળમાં તેઓ રાજકોટની રાજકુમાર કોલેજમાં રહ્યા. કલાપી પાંચ વર્ષની ઉંમરે પિતાનું શિરછત્ર ગુમાવે છે. ચૌદ વર્ષની કુમળી વયે તેઓ વહાલસોયી માતાનો સાથ ગુમાવે છે. માતાપિતાના આવા અકાળ અવસાનનો એક ઊંડો ખાલીપો તેઓ જીવનભર અનુભવે છે. સાવકી માતાઓને કારણે સંસારના કલેશની તેમને વિશેષ પ્રતીતિ થઈ છે. બે પત્નીઓના કારણે પણ આ કલેશ તેમના જીવનમાં વધ્યો હોય તેમ જણાય છે. માતાના મૃત્યુ સમયે તેઓને જંગલમાં જતા રહેવાનો વિચાર આવે છે. પરંતુ વિધિનું નિર્માણ કંઈક જુદું હતું. અનેક સાંસારિક તેમજ શાસકીય વિડમ્બણાઓને કારણે તેઓ સતત ઉઝરડાયા છે અને તે કારણોસર જ વ્યથા કે વેદનાના ભાવોમાં સતત પ્રગટતા રહ્યા છે. વેદનાનો સાદ પ્રગટાવતા લખે છે:

અંધાર છે, લાચાર છું
સિંચો હવે સિંચો સનમ.

કલાપીના આ સમગ્ર જીવનમાં વેદના તથા સ્નેહ સાથે ઉદારતાના પણ અનેક અંશ જોવા મળે છે. કવિનો જીવ રાજ્યના કારોબારમાં ઠર્યો નથી. આમ છતાં તેમના રાજ્યકાળમાં પડેલા તથા જાણીતા એવા છપ્પનિયા દુકાળમાં તેઓએ એક સુચારુ રાજવીને છાજે તેવી કામગીરી કરી હતી. લાઠીની પ્રજાની યાતનાઓથી તેઓ વ્યથિત હતા. આ સમયગાળામાં જ રાજવી કવિ કલાપીને રાજ્યનો ત્યાગ કરવાના અનેક વિચારો આવતા હતા. આમ છતાં લાઠીની પ્રજાના દુઃખથી તેઓ દાઝ્યા હતા. આ કાળમાં લોકો માટે અનાજ, પાણી તેમજ કામ શોધવા માટે તેઓ સતત સક્રિય રહ્યા હતા. પ્રજાની શક્ય હોય તેટલી સુખાકારી કરવામાં તેઓ સહેજ પણ પાછા પડ્યા ન હતા. કલાપીના જીવનના આ પાસાની વાત ખાસ થતી નથી. એક સુયોગ્ય વહીવટકર્તાને છાજે તેવી તેમની આ કામગીરી હતી. સ્નેહ તથા અનુકંપાના સાતત્યનો પ્રવાહ કલાપીના કાવ્યોમાંથી રેલાતો રહ્યો છે. આ વાત તેમના જીવનક્રમ સાથે પણ અભિન્ન રીતે જોડાયેલી છે. તેમની કવિતાઓ જોતા કવિનો સદ્ભાવ સમગ્ર સૃષ્ટિ તરફ વહેતો રહ્યો છે. વિશ્વવાત્સલ્યનો આ ભાવ કવિની પ્રકૃતિ સાથે ઘણો સુમેળ ધરાવે છે. આમ છતાં કવિનું શ્રેષ્ઠ સ્વરૂપ તેમની ઊર્મિ કવિતાઓના માધ્યમથી જગતે જોયું છે. કવિની ગઝલો પણ ઊર્મિ કાવ્યોના એક અભિન્ન અંગ સમાન છે. આ રીતે કવિ યુવાનોના હૃદયમાં ચીર સ્થાન પામ્યા છે. જીવન ટૂંકું હોવાની પ્રતીતિ કવિને પહેલેથી થઈ હોય તેવું લાગે છે. પોતાના એક કાવ્યની સુંદર પંકિતઓમાં કવિ મધુકરને સત્વરે ગુંજન કરી લેવા વિનવે છે કારણ કે આ જીવન એક ટૂંકા સ્વપ્ન સમાન છે. સાંસારિક જીવનના અનેક કડવા અનુભવો છતાં આ રાજવી-કવિ મસ્તીની દુનિયામાં જીવ્યા છે. તેમના બેસણા આગવા તથા અનોખા છે.

કુરંગો જ્યાં કુદે ભોળા,
પરિંદોના ઉડે ટોળા,
કબૂતર ઘૂઘવે છે જ્યાં
અમારા મહેલ ઉભા ત્યાં.

કવિ કલાપી આપણાં કાવ્ય વિશ્વના ઉજ્વળ તારક સમાન છે. તેમની સ્મૃતિને વંદન છે.

# ભાષા વૈભવ : સંસ્કૃતથી, ગુજરાતી અને તળપદા શબ્દવિહાર સુધી...



સંવેદનનું સ્ટેટસ

રમેશ ઠક્કર

ભારતની લગભગ તમામ ભાષાઓની જનની સંસ્કૃત છે..સંસ્કૃત એટલે કેળવાયેલું..અભિજાત્ય..એનો ભાષાવૈભવ લખલૂંટ છે..આવો માણીએ શબ્દની યાત્રાને..શબ્દચયન અને શબ્દશોધ એ કોઈપણ યુગપ્રવર્તક શોધ કરતાં કમ નથી..પ્રાચીન ભારતમાં શાસકો અને ઉચ્ચ વર્ગની ભાષા સંસ્કૃત હતી....આમ જનતા માટે વિવિધ બોલીઓ હતી..સંસ્કૃત ભાષા વૈભવ ગજબ છે..

હમણાં ચોતરફ ગરમાળો છવાયો હતો..એના માટે શબ્દ છે વ્યાધિઘાત..! કમળને શતપત્ર કહેવાય છે..કેસુંડાં કે ખાખરા માટે કાવ્યાત્મક શબ્દ છે કિશુંક..! લીમડો એટલે હિમદ્રુમ...વાહ દેવોની ભાષા!

આપણા એક કવિનું નામ છે "ઉશનસ્ " એટલે ? દાનવોના ગુરૂ શુક્રાચાર્ય...મહી એ નદીનું નામ છે પણ મહિ એટલે પૃથ્વી..કવિ એટલે સર્વજ્ઞ..ઘુવડ એટલે પણ કવિ..! કાવ્ય માટે સ્તુતિ તો ઉધરસ માટે પણ શબ્દ કાવ્ય જ ! સેન્સ ઓફ હયુમર કેવી સહજ આવે છે ? કર્મણ્યા એટલે પગાર, સેલરી..અને કર્મકર એટલે નોકરિયાત..મહેસુલ માટે શબ્દ છે રાજસ્વ...અદ્ભૂત જ ને ?! પત્રકારત્વ માટે સરસ શબ્દ છે વૃત્તવિવેચન !

રાહ જોતી પ્રેમિકા માટે શબ્દ છે અભિસારિકા..એની નાજુકતા માટે શબ્દ છે અતિલોલ..પ્રેમપત્ર માટે મજાનો શબ્દ છે અનંગલેખ.રાત્રી માટે રજની કે શર્વરી,સમુદ્ર માટે ઉદધિ કે લવણજલ જેવો નાવીન્યસભર શબ્દ..સૂર્ય એટલે દિનકર..પૃથ્વી માટે અવનિ..પરસેવા માટે અદભુત શબ્દ છે શ્રમજલ..!

કેટલાક શબ્દોની નજાકત નરી મૌલિક છે જેમકે ભૂખ માટે બુભુક્ષા કે ક્ષુધા તો ખરા પણ એક શબ્દ છે અશના..! લોહી માટે શોણિત..(યાદ આવે મેઘાણી ? શોણિતભીનાં સમરાંગણ?) યાદશકિત માટે મેધા..અંધકાર માટે તમસ ને અવાજ માટે મર્મર..સાબરમતી ને શ્વભ્રમતિ કહેવાય કૂડા કચરા ને અપમર્દ..!

સહેતુક ને હેતુગર્ભ કહેતાં શબ્દચ્છાયા વિસ્તરે છે..અમારા પંથકમાં હોળી માટે હુતાસણી શબ્દ વપરાય છે જે સંસ્કૃત છે !સ્નેહસભર વ્યક્તિને સ્નિગ્ધજન કહેવાય, એની લાગણીને સ્નેહાંકન..અરિ એટલે શત્રુ અને પ્રેરણા આપનાર પણ ! ડુંગળી માટે અટપટો શબ્દ છે સુકન્થુક..જે સુકન્દ એટલે કે કંદમૂળમાંથી આવ્યો છે..અત્યારે વરસાદ પડી રહયો છે જેના માટે શબ્દ છે પર્જન્ય..અને એમાં એકલદોકલ ઉભેલી ઝુંપડી માટે નરી કવિતા જેમ ટપકતો શબ્દ છે પર્ણશાલા..!

પશુ પંખી પ્રાણીઓની શબ્દાવલિ પણ રોમાંચક..ઊર્ણનાભ એટલે કરોળિયો,અકૂપાર એટલે કાચબો (ધ્રુવ ભટ્ટ યાદ આવ્યા ?) ષટ્પદ એટલે ભમરો ,વત્સલા એટલે વાછરડાં માટે ઝૂરતી ગાય..કાગડા માટે ગજબ શબ્દ છે આત્મઘોષ ! કૂતરાને ગ્રામ્યમૃગ કહી નવાજયો છે..સાપ એટલે ચક્ષુઃશ્રવા..જે આંખોથી સાંભળે છે તે..! વાહ જનની સંસ્કૃત મા !

ભાષા એ મનોભાવોનો પહેરવેશ છે.લિપી એ કદાચ અંગરખું છે..કલ્પના કરો કે આપણી વચ્ચે શબ્દોનું હલનચલન ના હોત તો..? ગુટેનબર્ગનું બીબું ભલે નવજાગૃતિકાળમાં શોધાયું પણ એ પહેલાંય લાકડાના બ્લોક બનાવી છપાતાં પુસ્તકો આપણા ગ્રંથાગારોમાં ઉપલબ્ધ છે..વિચાર જન્મે છે..અક્ષર તેની હિફાજત કરે છે...પુસ્તકો એના પહેરેદારો છે..

શિલાલેખથી આજના ઈન્ટરલેખ સુધીની ભાષાની પ્રલંબ યાત્રા બેમીસાલ છે..આપણી માતૃભાષા ગુજરાતી એક હજાર વર્ષ જુની છે..એ સૌરસેની પ્રાકૃતમાંથી અવતરી છે..જેનું મુળ સંસ્કૃત છે..ભારતની લગભગ તમામ ભાષાઓની જનની સંસ્કૃત છે..એનો ભાષાવૈભવ લખલૂંટ છે..સંસ્કૃત એ નાનીમા છે..તો એની કૂખે અવતરી એ ગુજરાતી આપણી મા છે.

ભાષા એ વહેતા ઝરણા જેવી છે..એ ખળખળ વહે છે..એમાં ઘણું ભળે છે..એના પ્રવાહમાં ઓગળે છે..અને ભાષાવૈભવ બનીને ઝળહળે છે..ઝરણાના નિર્મળ વહેણમાં ઝાડ ઝાંખરાં પાંદડાં ધૂળ માટી એમ ઘણુંબધું ભળતું જાય છે..ઝરણું એને પોતાનામાં સહજ સમાવી લે છે..અશુધ્ધિઓને પણ આત્મસાત કરવાની કળા એની પાસેથી શીખવા જેવી છે...નાનપણમાં ભર ચોમાસે ગાંડીતુર બનતી બનાસનાં માટીયાળાં પૂરનો અલગ મિજાજ અમે જોયો છે...રેવાના ભૂરા પ્રવાહમાં ભીંજાયો છું..ભાષાનું વહેણ પણ આવું જ નજાકતભર્યું હોય છે...

આપણી ભાષા ગુજરાતી દસ સૈકાથી વહે છે..એનું શાસ્ત્ર છે...નિયમો છે..ઘાટ છે..આકાર છે..દિવાલો છે..દરવાજા પણ છે..અને દરવાજે બેઠેલા દરવાનો પણ છે ! પરંતુ શબ્દો કુંપળની માફક પ્રગટતા હોય છે..કોઈ ડાળખીની આસપાસ લપેટાઈ જતી લીલાશની માફક આપણને વીંટળાઈ જતા હોય છે..એમાં આપણું ગણિત કે માપપટ્ટીઓ ચાલતી નથી...શબ્દનો સહજ સ્વીકાર થાય ત્યારે શાસ્ત્રોને મ્યાન કરી દેવામાં શાણપણ રહેલું હોય છે...કયાં કયાંથી પ્રગટે છે શબ્દો..આ લખું છું ત્યાં મહીસાગરની અંતરિયાળ સડકના કિનારે એક ગામનું પાટીયું આવે છે ચાટકાબેલી ! કેવું કાવ્યાત્મક? આજુબાજુ દેહાતી માહોલ છે..મને આ નામ સ્પર્શી જાય છે..મારે એની વ્યુત્પતિ શું કામ શોધવી ?

વિદ્યાર્થીકાળમાં હું બેહદ ઘડાયો છું..મારા ગામથી ચાર કિલોમીટરની પગદંડીએ ચાલીએ ત્યારે પાકી સડક આવે જયાંથી લાંબી આતુરતાના અંતે બસ મળતી..સડકની બાજુમાં એક ઘેઘૂર લીમડો હતો ત્યાં મુસાફરોએ કલાકો બેસવું પડતું. આજુબાજુ સૂકાંભઠ્ઠ ખેતરો..એમાં આ લીમડો...લોકમુખે એનું નામ પડયું "લાંઘણ લીમડો"..! આનો શબ્દાનુપ્રાસ મારા જેવા મજબૂર વટેમાર્ગુને જ સમજાય ! એ વગડામાં સૂકાયેલી વનસ્પતિના ગંઠાયેલા અવશેષો વેરાયેલા પડયા હોય એને કહેવાય "ભોથું"..! તનતોડ મહેનત કરીને પણ બે પાંદડે ના થાય એના માટે કહેવાતું "બહુ ભોથાં ભાગ્યાં..પણ કિસ્મત બે ડગલાં આગળ!"

હમણાં રાજેન્દ્ર શાહનું એક કાવ્ય વાંચતાં શબ્દ મળ્યો 'લાંક' જેનો અર્થ થાય કમરનો મરોડ ! આપણે પરભાષાના શબ્દો વાતવાતમાં ગૌરવથી બોલીએ છીએ..આપણી માતૃભાષા પણ રસાયેલી ધરતી જેવી છે...એવા કૃતક અને ખાસ તો અંગ્રેજી શબ્દો માટે આપણી ભાષામાં મજેદાર શબ્દ છે "શોભાના ગાંઠીયા!"અને કારણ વગર લઘુતા અનુભવતા લોકો માટે સંબોધન છે બારદાન ! આપણે વેપારી પ્રજા છીએ બારદાન જેવી નાખી દેવા જેવી ચીજને કેવી ઉંચાઈએ લઈ જઈએ છીએ?મિથ્યા પ્રલાપ કરવાવાળાને કહેવાય બુધ્ધિના બારદાન ! તમે જો ભાષાને સહજ પ્રેમ કરો તો તમે ખરેખર નવલશા હીરજી જ છો !

અમારા વિસ્તારમાં પાણીના પ્રશ્નના ઉકેલ માટે દરેક ગામમાં બોર થતા...જેને લોકબોલીમાં બોરિંગ કહેવાતું..અહીં પુજય રવિશંકર મહારાજે એટલા બધાં બોરીંગ લોકકલ્યાણ માટે કર્યા હતા કે એમને અહીં 'બોરિંગવાળા મહારાજ' તરીકે ઓળખવામાં આવતા..

કામલપુર ગામના પાદરે આવું જ એક બોરિંગ હતું જયાં વહેલી સવારે ન્હાવાની મજા કંઈક ઔર હતી..પાણી એકદમ હૂંફાળું આવતું..ખળખળ વહેતી નીક અને નિર્મળ જળપ્રવાહ..આજુબાજુ ગાંડા બાવળની ઘટાટોપ ઝાડી..એમાં મજેદાર કોઠીંબડાં થતાં...જે પુખ્ત બને તો ચીભડાં તરીકે ઓળખાતાં..ગ્રામ્ય શબ્દવૈભવ ગજબ હોય છે..ધોરિયામાં વહેતું પાણી આ ચીભડાંને પોષણ આપતું..શહેરમાં જોયેલી સકકરટેટી આ કોઠીંબડાંનું આધુનિક સ્વરૂપ ગણી શકાય..

ગામમાં કોઈપણ વાયદો આપવા માટે 'સીઝન'માં આપીશું એમ

અનુસંધાન પાના નં. ૭ પર